**અનુસૂચિત જાતિ/ અનુસૂચિત જનજાતિ/સામાજિક અને શૈક્ષણિક પછાતવર્ગોને બઢતી /બદલી જેવી સેવા વિષયક બાબતોમાં કનડગત ન થવા બાબત.**

**ગુજરાત સરકાર,**
**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,**
**પરિપત્ર ક્રમાંક. પવટ/૩૧૦૦/૩૫૭/ર,**
**સચિવાલય,ગાંધીનગર**
**તારીખ.૩૦-૧૦-ર૦૦૩**

**પરિપત્રઃ-**

અનુસૂચિત જાતિ/ અનુસૂચિ જનજાતિ / સામાજિક અને શૈક્ષણિક પછાતવર્ગોને બઢતી બદલી જેવી સેવા વિષયક બાબતોમાં કનડગત ન થવા બાબતે સામાન્ય વહીવટ વિભાગના તા.ર૭-૧૧-૯૯ ના પરિપત્ર ક્રમકાંક. પવસ/મુમ/રપ/ગ,૪( નકલ સામેલ છે) થી રોસ્ટર /અનામત નીતિનો ચુસ્ત અને કડકપણે અમલ કરવા સૂચના આપવામાં આવેલ છે તેમ છતાં આ વર્ગના ઉમેદવારોને બઢતી/બદલી/ છટણી જેવા સેવા વિષયક બાબતોમાં ખોટી રીતે કનડગત કરવા અંગેની રજુઆતો અત્રે મળેલ છે, જે યોગ્ય નથી.

ર. સરકારની ઉપરોકત સૂચનાઓનો સચિવાલયના સર્વે વિભાગો ખાતાના વડાઓ, બોર્ડ/કોર્પોરેશન ગ્રાન્ટ-ઈન-એઈડ સંસ્થાઓ, યુનિર્વસીટીઓ નિમણૂંક કરતી સર્વે સત્તાઓ / અધિકારીઓ તેમજ જે સંવર્ગના સંબંધિત સંચાલક અધિકારીઓને આવી સેવા વિષયક અને સંવેદનશીલ બાબતોમાં અનામત વર્ગના કોઈપણ અધિકારી / કર્મચારીઓને ખોટી રીતે હેરાનગતી કે કનડગત ન થાય તે બાબત લક્ષમાં રાખવા આથી સર્વને સૂચનાઓ આપવામાં આવે છે.

**ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.**

**( નામદેવ વર્સાત)**
**સંયુકત સચિવ,**
**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ**

**પ્રતિ,**
**સચિવાલયના સર્વે વિભાગો, સચિવાલય,ગાંધીનગર**
**સચિવાલયના સર્વે રોસ્ટર સંપર્ક અધિકારીશ્રી,**
**સર્વે ખાતાનાવડા/બોર્ડ કોર્પોરેશન,ગ્રાન્ટ-ઈન-એઈડ સંસ્થાઓ, યુનિર્વસીટીઓ**
**સિલેકટ ફાઈલ**